વેચાણ દસ્તાવેજ

(કિંમત રૂા................./–)

ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૧૨ (નિકોલ) તાલુકો : દસક્રોઈના મોજે ગામ : સીંગરવાની સીમના **સર્વે/બ્લોક નંબર : ૬૬૬** *ની હે.આરે.ચો.મી.* **૧-૦૩-૨૦** *(રી સરવે પહેલાના* **સર્વે/બ્લોક નંબર : ૨૮૦** *ની હે.આરે.ચો.મી.*૧-૦૩-૨૦) *વાળી જમીન જેનો* **ટી.પી.સ્કીમ નંબરઃ ૧૩૧** *માં સમાવેશ થતા* **ફાયનલ પ્લોટ નંબરઃ ૯૯ પૈકી** *આપવામાં આવેલ છે જે મુજબની* **૬૧૯૨ ચો.મી.** *તથા* **સર્વે/બ્લોક નંબર : ૬૬૭** *ની હે.આરે.ચો.મી.* **૦-૪૪-૫૨** *(રી સરવે પહેલાના* **સર્વે/બ્લોક નંબરઃ ૨૮૧** *ની હે.આરે.ચો.મી.* **૦-૪૪-૫૨)** *પૈકીની હે.આરે.ચો.મી. ૦-૨૩-૩૮ વાળી જમીન જેનો* **ટી.પી. સ્કીમ નંબરઃ ૧૩૧** *માં સમાવેશ થતા* **ફાયનલ પ્લોટ નંબરઃ ૯૯ પૈકી** *આપવામાં આવેલ છે જે મુજબની* **૧૪૦૩ ચો.મી.** *તથા* **સર્વે/બ્લોક નંબર : ૬૬૪** *ની હે.આરે.ચો.મી.* **૦-૨૦-૨૩** *(રી સરવે પહેલાના* **સર્વે/બ્લોક નંબરઃ ૨૭૮** *ની હે.આરે.ચો.મી.* ૦-૨૦-૨૩) *વાળી જમીન જેનો સમાવેશ* **ટી.પી.સ્કીમ નંબર : ૧૧૮,૧૩૧** *માં થતા આપવામાં આવેલ* **ફાઈનલ પ્લોટ નંબર : ૧૬૦, ૯૭** *ની* **૧૨૫૦ ચો.મી.** *વાળી બિનખેતીની જમીન પૈકીની* **ટી.પી. સ્કીમ નંબર : ૧૩૧** *ના* **ફાઈનલ પ્લોટ નંબર : ૯૭** *ની* **૨૫૦ ચો.મી.** *એમ ફાઈનલ* **પ્લોટ નંબર : ૯૯ પૈકી** *મુજબની* **કુલ ૭૫૯૫ ચો.મી.** *તથા* **ફાઈનલ પ્લોટ નંબર : ૯૭** *ની* **૨૫૦ ચો.મી.** *એમ બંને ફાઈનલ પ્લોટોની કુલ મળી* **૭૮૪૫ ચો.મી.** *વાળી ઔદ્યોગીક હેતુ માટેની બિનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ* **"દર્શન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક"** *તરીકે ઓળખાતી સ્કીમમાં આવેલ* **શેડ નંબર : .....** *વાળી મિલકતનો* **રૂા................./- અંકે રૂપીયા .... પુરા***નો વેચાણ દસ્તાવેજ.*

((૨)):::::

લખી આપનાર :-	**લક્ષ્મી કોર્પોરેશન**
એક તરફવાળા	*એ નામની ભાગીદારી પેઢી*
	જેનો **Pan No. AAFFL 3367 A** *છે અને જેની ઓફીસ*
	૨૨, હરિદ્વાર સોસાયટી, નરોડા, અમદાવાદ મુકામે
	આવેલ છે તેના વતી અને તરફથી તેના વહીવટકર્તા
	અધીકૃત ભાગીદાર
	શ્રી વિકેન નારણભાઈ પ્રજાપતિ
	રહેવાસીઃ ૨૨, હરિદ્વાર સોસાયટી, નરોડા, અમદાવાદ.
	ઉ.વ. પુખ્ત વયના, ધર્મેઃ હિન્દુ, ધંધોઃ વેપાર
	જેમને હવે પછી આ કરારમાં "અમો" અને અગર "વેચાણ આપનાર" અને અગર "એક તરફવાળા" એ રીતે સંબોધવામાં તથા ઉલ્લેખવામાં આવેલ છે, જેના અર્થમાં અમો એક તરફવાળા પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો, સભાસદો, એસાઈનીઝ, એડમિનીસ્ટ્રેટર્સ, એક્ઝીક્યુટર્સ, વકીલો, સક્શેસર્સ, ટ્રાન્સફરીઝ તમામનો સમાવેશ થાય છે."
લખાવી લેનાર :-	*શ્રી ....*
બીજી તરફવાળા	**Pan No.**
	ઉ.વ. પુખ્ત વયના, ધર્મે : હિન્દુ, ધંધો : વેપાર
	રહેવાસી : ....
	..

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "તમો" અને અગર "વેચાણ લેનાર" અને અગર "બીજીતરફવાળા" એ રીતે સંબોધવામાં તથા ઉલ્લેખવામાં આવેલ છે, જેના અર્થમાં તમો વેચાણ લેનારાનો તથા વેચાણ લેનારના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, સકશેસરો, સરવાઈવરો, ઈત્યાદી સર્વેનો સમાવેશ થાય છે.

-: જત :-

(૧) *ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૨ (નિકોલ) તાલુકો : દસક્રોઈના મોજે ગામ : સીંગરવાની સીમના* **સર્વે/બ્લોક નંબર : ૬૬૬** *ની હે.આરે.ચો.મી.* **૧-૦૩-૨૦** *(રી સરવે પહેલાના* **સર્વે/બ્લોક નંબર : ૨૮૦** *ની હે.આરે.ચો.મી.૧-૦૩-૨૦) વાળી જમીન જેનો* **ટી.પી.સ્કીમ નંબરઃ ૧૩૧** *માં સમાવેશ થતા* **ફાયનલ પ્લોટ નંબરઃ ૯૯ પૈકી** *આપવામાં આવેલ છે જે મુજબની* **૬૧૯૨ ચો.મી.** *તથા* **સર્વે/બ્લોક નંબર : ૬૬૭** *ની હે.આરે.ચો.મી.* **૦-૪૪-૫૨** *(રી સરવે પહેલાના* **સર્વે/બ્લોક નંબરઃ ૨૮૧** *ની હે.આરે.ચો.મી.* **૦-૪૪-૫૨)** *પૈકીની હે.આરે.ચો.મી. ૦-૨૩-૩૮ વાળી જમીન જેનો* **ટી.પી. સ્કીમ નંબરઃ ૧૩૧** *માં સમાવેશ થતા* **ફાયનલ પ્લોટ નંબરઃ ૯૯ પૈકી** *આપવામાં આવેલ છે જે મુજબની* **૧૪૦૩ ચો.મી.** *તથા* **સર્વે/બ્લોક નંબર : ૬૬૪** *ની હે.આરે.ચો.મી.* **૦-૨૦-૨૩** *(રી સરવે પહેલાના* **સર્વે/બ્લોક નંબરઃ ૨૭૮** *ની હે.આરે.ચો.મી.* **૦-૨૦-૨૩)** *વાળી જમીન જેનો સમાવેશ* **ટી.પી.સ્કીમ નંબર : ૧૧૮,૧૩૧** *માં થતા આપવામાં આવેલ* **ફાઈનલ પ્લોટ નંબર : ૧૬૦, ૯૭** *ની* **૧૨૫૦ ચો.મી.** *વાળી બિનખેતીની જમીન પૈકીની* **ટી.પી. સ્કીમ નંબર : ૧૩૧** *ના* **ફાઈનલ પ્લોટ નંબર : ૯૭** *ની* **૨૫૦ ચો.મી.** *એમ* **ફાઈનલ પ્લોટ નંબર : ૯૯ પૈકી** *મુજબની* **કુલ ૭૫૯૫ ચો.મી.** *તથા*

ફાઈનલ પ્લોટ નંબર : ૯૭ *ની* **૨૫૦ ચો.મી.** *એમ બંને ફાઈનલ પ્લોટોની કુલ મળી* **૭૮૪૫ ચો.મી.** *વાળી ઔદ્યોગીક હેતુ માટેની બિનખેતીની જમીન ઉપર લખી આપનાર દ્વારા* **"દર્શન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક"** *તરીકે ઓળખાતી સ્કીમનું આયોજન કરવામાં આવેલ છે.*

(૨) *સદરહુ જમીનો પૈકી બ્લોક/સર્વે નંબર : ૬૬૬ તથા ૬૬૭ વાળી જમીન અમો લખી આપનાર પેઢીએ તારીખ : ૧૨/૦૪/૨૦૧૬ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર : ૫૧૫૯ થી વેચાણ રાખેલ છે જેની નોંધ રેવન્યુ રેકર્ડમાં તારીખ : ૦૨/૦૬/૨૦૧૬ ના રોજ અનુક્રમ નંબર : ૩૫૭૦ થી થયેલ છે.*

સદરહુ જમીનો પૈકી બ્લોક/સર્વે નંબર : ૬૬૪ વાળી જમીન અમો લખી આપનાર પેઢીએ તારીખ : ૦૫/૦૮/૨૦૧૫ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર : ૯૪૮૩ થી વેચાણ રાખેલ છે જેની નોંધ રેવન્યુ રેકર્ડમાં તારીખ : ૩૦/૦૯/૨૦૧૫ ના રોજ અનુક્રમ નંબર : ૩૪૭૦ થી થયેલ છે.

(૩) *જીલ્લા કલેક્ટરશ્રી, અમદાવાદનાએ તેઓના હુકમ નંબર : ઈએસટી/એન.એ./ત.બિ.ખે./તત્કાલ/ક-૬૫/એસ.આર.૬૩/૨૦૧૪, તારીખ : ૦૯/૦૭/૨૦૧૪ ના રોજથી મજકુર સર્વે નંબર : ૨૮૦, ટી.પી.સ્કીમ નંબર : ૧૩૧, ફા.પ્લોટ નંબર : ૯૯ પૈકીની ૬૧૯૨ ચો.મી.ઔદ્યોગીક હેતુ માટે બિનખેતીમાં તબદીલ કરી આપેલ છે જેની નોંધ રેવન્યુ રેકર્ડમાં તારીખ : ૩૧/૦૭/૨૦૧૪ ના રોજ અનુક્રમ નંબર : ૩૨૪૩ થી થયેલ છે.*

જીલ્લા કલેક્ટરશ્રી, અમદાવાદનાએ તેઓના હુકમ નંબર : ઈએસટી/એન.એ./ત.બિ.ખે./તત્કાલ/ક-૬૫/એસ.આર.૬૪/૨૦૧૪, તારીખ : ૦૯/૦૭/૨૦૧૪ ના રોજથી મજકુર સર્વે નંબર : ૨૮૧, ટી.પી.સ્કીમ નંબર : ૧૧૮,૧૩૧, ફા.પ્લોટ નંબર : ૧૬૧,૯૯ પૈકીની ૪૪૫૨ ચો.મી. પૈકી ૧૨૬૮ ચો.મી. રહેણાંક તથા ૧૪૦૩ ચો.મી. ઔદ્યોગીક હેતુ માટે બિનખેતીમાં તબદીલ કરી આપેલ છે જેની નોંધ રેવન્યુ રેકર્ડમાં તારીખ : ૩૧/૦૭/૨૦૧૪ ના રોજ અનુક્રમ નંબર : ૩૨૪૪ થી થયેલ છે.

((૫)):::::

જીલ્લા કલેક્ટરશ્રી, અમદાવાદનાએ અરજી કરતા તેઓએ તેઓના હુકમ નંબર : સીબી/સીટીએસ-૧/એન.એ./સીંગરવા/બ્લોક નં./સ.નં. ૨૭૮/એસઆર - ૯૪૩/૨૦૧૫ થી તારીખ : ૩૦/૦૬/૨૦૧૫ ના રોજ સદરહુ **સર્વે/બ્લોક નંબર : ૨૭૮** *ની હે.આરે.ચો.મી.* **૦-૨૦-૨૩** *વાળી જમીન જેનો સમાવેશ* **ટી.પી.સ્કીમ નંબર : ૧૧૮,૧૩૧** *માં થતા આપવામાં આવેલ* **ફાઈનલ પ્લોટ નંબર : ૧૬૦,૯૭** *ની ૨૫૦ ચો.મી. રહેણાંક તથા ૧૦૦૮ ચો.મી. ઔદ્યોગીક હેતુ માટે એમ કુલ મળી* **૧૨૫૮ ચો.મી.** *વાળી જમીનને બિનખેતીમાં તબદીલ કરી આપેલ છે જે અંગેની ફેરફાર નોંધ રેવન્યુ રેકર્ડમાં તારીખ : ૨૭/૦૭/૨૦૧૫ ના રોજ અનુક્રમ નંબર : ૩૪૪૭ થી થયેલ છે.*

ત્યારબાદ મજકુર હુકમમાં હેતુફેર અંગે ભુલ થયેલ હોઈ જીલ્લા કલેક્ટરશ્રી, અમદાવાદનાએ અરજી કરતા તેઓએ તેઓના હુકમ નંબર : એન.એ./યુ-૧-૨/કલમ ૬૫-એ/સીંગરવા/કેસ નંબર : ૧૦૫/૨૦૧૫ થી તારીખ : ૧૪/૦૨/૨૦૧૫ ના રોજથી **સર્વે/બ્લોક નંબર : ૨૭૮** *ની હે.આરે.ચો.મી.* **૦-૨૦-૨૩** *વાળી જમીન જેનો સમાવેશ* **ટી.પી.સ્કીમ નંબર : ૧૧૮,૧૩૧** *માં થતા આપવામાં આવેલ* **ફાઈનલ પ્લોટ નંબર : ૧૬૦,૯૭** *ની ૧૦૦૮* **ચો.મી. રહેણાંક** *તથા* **૨૫૦ ચો.મી.** *ઔદ્યોગીક હેતુ માટે હુકમ કરવામાં આવેલ છે. જે અંગેની ફેરફાર નોંધ રેવન્યુ રેકર્ડમાં તારીખ : ૧૭/૧૨/૨૦૧૫ ના રોજ અનુક્રમ નંબર : ૩૪૯૩ થી થયેલ છે.*

(૪) *સદરહુ જમીન પર બાંધકામ કરવા અંગેના પ્લાનો અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ટાઈપ એ,બી તથા સી માટે ક્રમાંક નંબર :* **PRM/102/4/2016/27** *થી તારીખ : ૨૭/૦૧/૨૦૧૭ ના રોજ પાસ કરેલ છે અને સદર પાસ થયેલ પ્લાન મુજબ અમો એક તરફવાળાએ સદરહુજમીન પર બાંધકામ કરેલ છે જે યોજના* **દર્શન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક** *તરીકે ઓળખાય છે.*

(૫) *એ રીતે સદરહુ જમીન પર આવેલ* **"દર્શન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક"** *તરીકે ઓળખાતી સ્કીમમાં આવેલ* **શેડ નંબર : ......** *જેનું પ્લોટ ક્ષેત્રફળ* **...........**

સમ.ચો.મી. (કારપેટ એરીયા) *તથા સદરહુ સ્કીમની ફાઈનલ પ્લોટ મુજબની કુલ સઘળી જમીન પૈકી બાંધકામ ના પ્રમાણમાં સદર વેચાણ આપેલ યુનીટના હિસ્સે આવતી વણ વહેંચાયેલ* **........ સમચોરસમીટર** *જમીન કે જેની કકડાવાર અલગથી વહેંચણી ક્યારેય ન થઈ શકે તેવી જમીનના ફક્ત વપરાશી હક્ક સહિતની સદરહુ મિલ્કત તથા તેમાં આવેલ* **......... સ.ચો.મી.** *ના* **શેડ ટાઈપ***ના બાંધકામ વાળી મિલકત તમો બીજી તરફવાળાએ સાઈટ વીઝીટ કરી તથા સદર યોજના તથા તેને લગતા તમામ દસ્તાવેજ, મંજુર થયેલ પ્લાન, રજાચીઠ્ઠી, એન.એ.હુકમ, ટાઈટલ સર્ટીફીકેટ તથા સર્ચ રીપોર્ટ વિગેરેની તમારા એડવોકેટ મારફતે જરૂરી ચકાસણી કરાવીને તથા બાંધકામની ગુણવત્તા અંગે તમારા એન્જીનીયર શ્રી મારફતે જરૂરી તપાસ/ચકાસણી કરાવીને વેચાણ રાખવાનું નક્કી કરેલ છે જે શેડ વાળી મિલકતને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં* **"સદરહુ મિલકત "** *અગર* **"મજકુર મિલકત"** *એ રીતે સંબોધવામાં આવેલ છે કે જેનું સંપુર્ણ વર્ણન નીચે પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે.*

(૬) *અમો વેચાણ આપનાર પેઢીએ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) દ્વારા પાસ થયેલા પ્લાન અનુસાર સદરહુ સમગ્ર જમીનમાં* **"દર્શન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક"** *નામની સ્કીમ બાંધેલી છે.*

(૭) *સદરહુ બિનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ* **"દર્શન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક"** *ની કોમન વપરાશની સ્થાવર તથા જંગમ મિલ્કતોમાંના વગર વહેંચાયેલ હક્ક, હિત હિસ્સા સહિતની નીચે પરિશિષ્ટમાં જણાવેલ મિલ્કત આ વેચાણ દસ્તાવેજથી તમો વેચાણ લેનારને વેચાણ આપીએ છીએ. જે મિલ્કતનું સંપૂર્ણ વર્ણન નીચે પરિશિષ્ટ માં આપવામાં આવેલ છે.*

(૮) *સદરહુ મિલ્કત તમો વેચાણ લેનારે વેચાણ લેવા સારુ અમો વેચાણ આપનારનો સંપર્ક કરેલ અને આપણી વચ્ચે વાટાઘાટો થયેલ અને તે અનુસાર વગર*

((૭)) :::::

વહેંચાયેલ જમીન તથા તેવી જમીન ઉપર બાંધવામાં આવેલ શેડ વાળી મિલ્કત અમો વેચાણ આપનારે તમો વેચાણ લેનારને અઘાટ વેચાણ કિંમત **રૂા................/-** **(અંકે રૂપીયા .... પુરા)** *માં વેચાણ આપેલ છે જે વેચાણ કિંમત અમો વેચાણ આપનારને તમો વેચાણ લેનાર પાસેથી નીચે મુજબની વિગતે મળી ગયેલ છે.*

-: પેમેન્ટની વિગત :-

તારીખ	બેંકનું નામ	ચેક નં.	રકમ

રૂા............../- **કુલ .... પુરા**

(૯) *વેચાણ લેનાર કબુલ રાખે છે કે....*

એ. *સદરહુ* **"દર્શન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક"** *નામના સંકુલમાં રાખેલ અને આવેલ ખુલ્લી જમીન તથા કોમન પાર્કિંગ, પાણીનો બોર, પાણીની પાઈપ લાઈન, ગટર લાઈન, સુએઝ લાઈન તથા ઈલેક્ટ્રીક લાઈન, ટેલીફોન લાઈન વિગેરે શેડમાં લાવવા લઈ જવાની કોમન વ્યવસ્થા, કોમન લાઈટો, માર્જીનલ જમીન વિગેરે તમામ સુવિધાઓ સહિયારી રીતે વાપરવાનો હક્ક, સુખાધિકાર વગર વહેંચાયેલો વરાડે પડતો અમો વેચાણ આપનારે તમો વેચાણ લેનારને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ*

આપેલા છે. કોમન મિલ્કતનો પ્રત્યક્ષ કબજો તમો વેચાણ લેનારને સોંપવામાં આવેલોનથી. પરંતુ તેનો બીજા સહ યુનિટ હોલ્ડરો સાથેનો વપરાશી હક્ક તમો વેચાણ લેનારને આપેલો છે.

બી. સદરહુ **"દર્શન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક"** ના યુનીટો ખરીદનારા સભ્યો માટે ભવિષ્યમાં જો અને જ્યારે અન્ય એસોસીયેશન કે સર્વિસ સોસાયટી કે કંપની કે બોડી રચવામાં આવે ત્યારે તેના સભ્ય થવાનું તમો વેચાણ લેનારને માટે ફરજીયાત રહેશે તેમજ એસોસીએશન/સર્વિસ સોસાયટી તરફથી કોમન ખર્ચે અંગે જે માસિક કે વાર્ષિક કે અન્ય મુદતી કે અન્ય સ્વરૂપનું કોન્ટ્રીબ્યુશન લેવાનું નક્કી થાય તે કોન્ટ્રીબ્યુશન ની રકમ તેમજ સદરહુ શેડના વાર્ષિક મેઈન્ટેનન્સ વિગેરે માટે જે રકમ નક્કી કરવામાં આવે, તેવા તમામ ખર્ચ વેચાણ લેનારે વરાડે પડતા ભોગવવાના રહેશે. જો તે નિયમીત ચુકવવામાં ચુક કરશે કે વિલંબ કરશે, તો કોમન સુવિધા વાપરવાનો હક્ક ગુમાવશે અને આવુ એસોસીએશન/ સર્વિસ સોસાયટી વિગેરે તેમને કોમન સુવીધા જેવી કે પાણી, રોડ,રસ્તા, પાર્કિંગ વિગેરે વાપરતા અટકાવી શકશે અને ત્યારે તે સામે વેચાણ લેનાર કોઈ જ વાંધો લઈ શકશે નહિં.

સી. સદરહુ મિલ્કત તમો વેચાણ લેનાર તથા વેચાણ લેનારના વંશ, વાલી, વારસો, સકસેસરો, ઉત્તરાધિકારીઓ ઈત્યાદી તમામ કાયદાકીય જોગવાઈને આધિન ચાંદો સુરજ તપે ત્યાં સુધીના માટે માત્ર જે હેતુસર પ્લાન પાસ થયા હોય તે જ હેતુસર ભોગવો,વસો,વસાવો,વેચો,સાટો,ગીરો,બક્ષીસ વિગેરે માત્ર પોતાની અંગત જવાબદારી થી આપવા માટે હક્કદાર છે. સ્કીમની સહિયારી જમીનમાં પણ તમો વેચાણ લેનારનો વગર વહેંચાયેલો વરાડે પડતો વપરાશી હક્ક રહેશે.

ડી. સદરહુ સ્કીમમાં જે તે યુનિટ ધારકો કબજો લેશે ત્યારે તેમજ તે પછી અગર પહેલા વેચાણ આપનાર જણાવે ત્યારથી યુનિટ ધારકોએ સંપુર્ણ સ્કીમનું મેઈન્ટેનન્સ કરવાનું રહેશે તથા સદરહુ શેડમાં લાઈટ કનેકશન અંગે લાગુ વિજ કંપની માં જે કોઈ રકમ વિજળી વપરાશ સારુ ભરી હોય કે ભરવી પડે તે વેચાણ

લેનારે ચુકવવાની રહેશે. પ્લાનીંગ તથા ઔડા/કોર્પોરેશનમાં બાંધકામના પ્લાન પાસ કરાવવા માટે જે કોઈ રકમ ભરેલી હોય અને તે ઉપરાંતમાં જે કોઈ ખર્ચ કરેલો હોય તે વેચાણ લેનારે વરાડે પડતો ચુકવવાનો રહેશે.

ઈ. તમો વેચાણ લેનારે સદરહુ શેડનો પ્રત્યક્ષ કબજો મળ્યેથી / આપ્યેથી તે શેડ અંગેના કરવેરાઓ, લાઈટબીલ, મેઈન્ટેનન્સ ખર્ચ અને બીજી સેવાઓના ખર્ચાઓ જેવી કે સબમર્સીબલ પંપ,સ્ટ્રીટ લાઈટ, પાર્કિંગ, લાઈટો, ઓવર હેડ ટેન્કમાં પાણી ભરવાના ઈલેક્ટ્રીક પંપો, પ્રેશર પંપ તથા પાર્કિંગનું મેઈન્ટેનન્સ, સીક્યોરીટી સ્ટાફનો ખર્ચ તથા અન્ય કોમન સેવાઓના ખર્ચાઓ ચુકવવા બાંધાયેલા છે. આ રકમ ચુકવવા અંગેની તમામ જાણકારી તમો વેચાણ લેનારે જાતે જગ્યા ઉપર આવીને મેળવી છે. તે માટે પત્ર વ્યવહાર કરી જાણકારી આપવા અમો વેચાણ આપનાર બંધાયેલા નથી. લેટ પેમેન્ટ અંગેનો જે દંડ એસોસીએશન / સર્વિસ સોસોયટી દ્વારા નક્કી કરવામાં આવે તે તમો વેચાણ લેનારે ભોગવવાનો રહેશે.

એફ. આ વેચાણ દસ્તાવેજમાં કંઈપણ લખ્યુ હોય, તેનાથી તમો વેચાણ લેનારને સદરહુ મિલ્કત અને સદરહુ સમગ્ર જમીનમાંના વગર વહેંચાયેલ વરાડે પડતા હક્કો સિવાય કે ઉપરાંતમાં સદરહુ સ્કીમમાંના અન્ય શેડો, પાર્કિંગ પ્લેસ, કોમન રોડ, રસ્તા વિગેરેના અન્ય ભાગોમાં કોઈપણ પ્રકારનો હક્ક કે હિત આપવામાં આવેલો નથી કે ઉત્પન્ન થયેલો નથી અને થશે નહિ તથા તેમ થયાનું ગણાશે નહિ. તેની માલિકી અમો વેચાણ આપનારની રહેશે તથા સ્કીમમાં બનેલા તમામ યુનીટો વેચાઈ જાય /ફાળવાઈ જાય ત્યાં સુધી તેનો કંટ્રોલ માત્ર અમો વેચાણ આપનારનો છે અને રહેશે.

જી. સદર યોજનાની બી.યુ. પરમીશન મળે પછી જ શેડની મિલ્કતનો પ્રત્યક્ષ અને ખાલી કબજો મેળવવાનો અને પ્રાપ્ત કરવાનો હક્ક તમો વેચાણ લેનારને પ્રાપ્ત થશે અને ત્યારે સદરહુ મિલ્કતનો પ્રત્યક્ષ કબજો તમો વેચાણ લેનારને સોંપવામાં આવશે. પરંતુ તમો વેચાણ લેનારને આ સ્કીમમાંની સુવિધાની સામાન્ય જગ્યાઓ

તથા સ્કીમની પાણીની ટાંકીઓ, નળ, ગટર અને ઈલેક્ટ્રીકલ લાઈનો, રસ્તા તથા પાર્કિંગની કોમન જગ્યા વિગેરેના ઉપયોગમાં સહિયારા અને સામુહિક હક્ક સિવાય કોઈ આગવો માલીકી હક્ક પ્રાપ્ત થશે નહિ. તમો વેચાણ લેનાર આ સ્કીમના બાંધકામની પ્રવૃતિ સામે કે અન્ય શેડોના નિકાલ કરવા સામે કોઈપણ પ્રકારનો અવરોધ ઉભો કરી / કરાવી શકશો નહિ.

એચ. આ સ્કીમમાં જે શેડ અંગે આ પ્રકારનો દસ્તાવેજ થયેલો ના હોય એટલે કે જે શેડો વેચાણ દસ્તાવેજ થયા વગરના પડી રહેલા હોય તથા જેનો વેચાણ આપનાર દ્વારા વેચાણ કરવામાં આવેલ ના હોય, તે તમામના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક વેચાણ આપનાર છે અને ગણાશે તથા વેચાણ આપનાર તે તમામનો વેચાણ તેમની ઈચ્છા અનુસાર કરી શકશે અને તેવા બંધ રહેલા શેડોમાં વેચાણ લેનારને કોઈ હક્ક નથી. તેમજ વેચાણ લેનારે કોઈ હક્ક કરવાનો નથી.

આઈ. વેચાણ આપનારે શેડનો કબજો આપવાની તૈયારી બતાવી હોય તે તારીખથી સદરહુ સમગ્ર જમીનના પ્લોટના વેરાઓ, મહેસુલ, મ્યુનીસીપલ ટેક્ષ તથા એજ્યુકેશન સેસ, પાણીવેરો વિગેરે જેવા બિલ્ડીંગના કોમન વેરાઓની રકમ પણ ચુકવવાની છે અને તેની જવાબદારી તમામ યુનિટ ધરાવનારની જોઈન્ટ એન્ડ સેવરલ છે અને રહેશે. આ ઉપરાંત આ સ્કીમના રસ્તામાં તથા માર્જીનમાં વિગેરેમાં પ્રકાશ સારુ રાખવામાં આવેલી કોમન લાઈટોનું બળતણ ખર્ચ અને યુનિટમાં પાણી (બોરમાંથી કે અન્ય રીતે) મેળવવાનો ખર્ચ તથા ઉપરની ટાંકીમાં લઈ જવા સારુ ઈલેક્ટ્રીક મોટરના બળતણનો ખર્ચ અને આવી મોટર / પંપના નિભાવ રીપેરીંગ તેમજ બદલીનો ખર્ચ તેમજ ચોકીદારનો ખર્ચ અને સાફ-સફાઈનો ખર્ચ તેમજ સમગ્ર સ્કીમની જાળવણીનો ખર્ચ તેમજ અત્રે લખેલી ના હોય આમ છતાં સહિયારી ચુકવવાની થાય, તેવી તમામરકમો ચુકવવા વેચાણ લેનાર બંધાયેલા છે અને સમયસર તે ચુકવશે જ, તેની વેચાણ લેનાર ખાત્રી, બાંહેધરી અને વિશ્વાસ આપે છે અને આવા ખર્ચા સારુ વેચાણ

આપનારની સુચના મુજબ આ સ્વરૂપના મેઈન્ટેનન્સ ખર્ચા કરવા માટે જમા કરાવવાના છે. સમગ્ર સ્કીમ બંધાઈ/વેચાઈ જતા વેચાણ આપનાર આવી રકમ (ખર્ચ બાદ થઈને વધી હોય તે) રચાનાર સર્વિસ સોસાયટી / એસોસીએશનમાં જમા કરાવશે અને ત્યાર બાદ સોસાયટી / એસોસીએશન તે રકમનો આવી સામાન્ય સુવિધાઓની જાળવણી સારુ વહિવટ કરશે. મેઈન્ટેનન્સ વિગેરે ખર્ચ સારુ જરુર પડ્યે બીજી વધુ રકમ ચુકવવા વેચાણ લેનાર બંધાયેલા છે. જો વેચાણ લેનાર આવી રકમ ચુકવશે નહિ તો સ્કીમમાંની કોમન સુવિધા વાપરવાનો હક્ક વેચાણ લેનાર તથા મિલ્કતના કબજેદાર ગુમાવશે. જો મેઈન્ટેનન્સ ખર્ચ માટેના ફંડનું આવતું વ્યાજ આવા વહીવટી ખર્ચા માટે ઓછુ પડે તો વેચાણ આપનાર મુળ ફંડ (કોપર્સ) વાપરી શકશે. પણ બધા યુનિટો વેચાણ થઈ ગયા પછીથી આવું મેઈન્ટેનન્સ વેચાણ આપનારે કરવાનું નથી. પરંતુ જુદા-જુદા તમામ યુનિટોના માલિકો બહુમતીથી નક્કી કરે તે પ્રકારે યુનિટના માલીકો વતી સોસાયટી / એસોસીયેશને જાતે કરવાનું છે.

જે. વેચાણ લેનારે યુનિટની જગ્યાનો અને બાંધકામનો પ્રત્યક્ષ અને ખાલી કબજો જ્યારથી સોંપવામાં આવે ત્યારથી તેઓ તેમના પોતાના ખર્ચે તેની સંભાળ લેશે અને જાળવણી કરશે અને આવી જાળવણી તેમને કબજો સોંપાયો, ત્યારે જે સ્થિતિમાં હોય, તેવી સ્થિતિમાં તે યુનિટ રહે તે રીતે કરશે.

કે. વેચાણ લેનાર તેમના શેડની જગ્યામાં કોઈ સ્ફોટક પદાર્થ લાવશે કે રાખશે નહિ. તેમજ કોઈ એવી વજનદાર વસ્તુ લાવશે કે રાખશે નહિ કે એવું કોઈ કૃત્ય કરશે નહિ. જેનાથી સ્કીમના માળખાને નુકશાન થાય.

એલ. વેચાણ લેનાર તેમજ તેમના શેડના ઓક્યુપાયરે તેનો ઉપયોગ એવા પ્રકારે કરવાનો નથી કે જેનાથી અન્ય વ્યક્તિની મિલકતને નુકશાન થાય કે તકલીફ પડે કે ન્યુસન્સ થાય. તેમજ વેચાણ લેનારે તેમના શેડનો ઉપયોગ અસામાજીક પ્રવૃત્તિ માટે પણ કરવાનો નથી.

એમ. વેચાણ લેનારને જે હેતુ માટે શેડ આપવામાં આવેલ છે તે સિવાય અન્ય હેતુ માટે તેઓ તેનો ઉપયોગ કરી શકશે નહી યાને કે વેચાણ લેનારે ઔદ્યોગીક/ વ્યવસાયીક ના હેતુ માટે જ આ શેડ વાપરવાનો છે. તેઓ ધાર્મિક, શૈક્ષણિક તે રેસીડેન્સીયલ જેવો અન્ય ઉપયોગ કરી શકશે નહિ.

એન. વેચાણ લેનાર સદરહુ શેડના બહારના દેખાવનો કોઈપણ ભાગ તોડશે, તોડાવશે નહિ કે તેમાં કોઈપણ સ્વરૂપનો વધારો કે ફેરફાર કરશે નહિ. ઉપરાંતમાં સ્કીમની માર્જીનની જમીનમાં કે પાર્કિંગમાં કે એપ્રોચમાં કોઈપણ પ્રકારનું કાચું કે પાકું બાંધકામ કે એનક્રોચમેન્ટ વેચાણ લેનાર કરશે નહિ. તેમજ સમગ્ર સ્કીમની બહારની બાજુએ જે કલરકામ કરવામાં આવે તેમાં કોઈ ફેરફાર કરશે નહિ તથા સ્ટ્રકચરને ડેમેજ થાય તેવુ કંઈ જ કરશે નહિ.

ઓ. વેચાણ લેનાર શેડનો કબજો સોંપ્યા પછી જો સ્થાનિક સંસ્થાઓના નિયમોને કારણે કે કાયદાઓની જોગવાઈઓને લીધે કે વ્યવહારૂ કારણોસર કે તેમના યુનિટમાં પોતે જાતે કોઈ બાંધકામ કે ફેરફાર કર્યો હોય અને તેવા કોઈ બાંધકામ કે ફેરફાર અંગે કોઈ બાંધકામ કે ફેરફાર કરવાનો થાય તો તે વેચાણ લેનારે કરવાનો છે. તે અંગે વેચાણ આપનારની કોઈ જવાબદારી થશે નહિ.

પી. વેચાણ લેનાર પોતાના શેડમાંથી કચરો કે ગંદી વસ્તુઓ કે અન્ય કશુ જ બહાર નાખશે નહિ. તેમજ સ્કીમમાં અન્ય શેડની આગળ નાખશે નહિ અને તેનો સુયોગ્ય નિકાલ કરશે.

ક્યુ. વેચાણ આપનાર દ્વારા આ દસ્તાવેજની કોઈપણ શરતો અને સમજુતીઓનું વેચાણ લેનાર પાસે પાલન કરાવવામાં ઢીલ કે વિલંબ થવાના પ્રસંગથી કે તે કારણસર વેચાણ આપનારે વેચાણ લેનાર સામેના તેમના હક્કો જતા કરેલા હોવાનું ગણાશે નહિ. તેમજ તેવા વિલંબથી વેચાણ આપનારના હક્કોને કોઈપણ હાની કે અસરથશે નહિ.

((૧૩)):::::

આર. *વેચાણ લેનારના દસ્તાવેજમાં જણાવેલ સરનામે જો વેચાણ આપનારે કોઈપણ પત્ર, પહોંચ કે નોટીસ રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલેલી હશે, તો તેનાથી વેચાણ લેનારને પુરતી બજવણી થયેલી ગણવામાં આવશે. તેનું રજીસ્ટર્ડ પોસ્ટીંગ કર્યેથી વેચાણ આપનારની તેની બજવણી કરવાની જવાબદારીનો અંત આવશે.*

એસ. *તમો વેચાણ લેનારે આ દસ્તાવેજથી વેચાણ આપેલા શેડની બાંધકામવાળી મિલ્કત જોઈ તપાસી લીધેલ છે. તે બાંધકામ અંગે વેચાણલેનારને વેચાણ આપનાર સામે કે અન્ય કોઈની સામે કોઈ જ ફરીયાદ નથી.*

(૧૦) *વધુમાં વેચાણ આપનારે જણાવેલું છે તથા વેચાણ લેનાર સંમત થાય છે કે .....*

એ. *તમો વેચાણ લેનાર જાણો છો કે શેડમાં આપવામાં આવેલ ટોઈલેટ વિગેરેની જગ્યામાંથી પાણી ચુવે છે અને તે પડોશની જગ્યામાં જાય છે. તેનાથી નુકશાન થવાનો સંભવ છે. પાણી જે સહેલાઈથી છટકે અને વહે તેવો પ્રવાહી પદાર્થ છે તે ગમે તેટલા પગલા લેવામાં આવે તો પણ પાઈપના સાધામાંથી તથા ટાઈલ્સના સાંધામાંથી ચુસે છે. આવું લીકેજ બાંધકામની સારી ગુણવત્તા હોય તો પણ સંભવી શકે છે. જેથી વેચાણ લેનાર તે લીકેજ માટે વેચાણ આપનારને જવાબદાર ગણશે નહિ કે વેચાણ આપનાર તે માટે કોઈપણ પ્રકારે જવાબદાર બનશે નહિં કે તેવા લીકેજ અંગે લખાવીલેનાર લખી આપનાર સામે કોઈ કેસ કે કાર્યવાહી કરી શકશે નહી.*

બી. *સદરહુ બિલ્ડીંગ કાયમ માટે* **"દર્શન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક"** *તરીકે ઓળખાશે. તેના નામમાં કોઈ ફેરફાર વેચાણ લેનારે કરવા - કરાવવાનો નથી કે થશે નહીં.*

સી. *સદરહુ શેડ તમો વેચાણ લેનારે કોઈપણ પ્રકારે કોઈને પણ ટ્રાન્સફર કરવો હોય તો શેડ ધરાવનારે વેચાણ આપનાર અથવા રચનાર સર્વિસ સોસાયટી / એસોસીએશનની પૂર્વ મંજુરી મેળવવાની છે તથા જરૂરી ટ્રાન્સફર ફી ચુકવવાની છે. જો પૂર્વ મંજૂરી મળી ના હોય તો તે ટ્રાન્સફરીને તેવા શેડનો કબજો તમો વેચાણ લેનારે*

((૧૪))::::::

સોંપવાનો નથી તથા ટ્રાન્સફર કરવાનો નથી. તેવી રીતે જો તમો વેચાણ લેનાર શેડને ભાડે આપો તો પણ સારા ભાડુઆતને ભાડે આપવાનો છે આને તેવા ભાડુઆતે તથા તમો વેચાણ લેનારે યોજનાના નિયમોનું પાલન કરવાનું છે. સ્કીમના કર્મચારી સાથે / મેનેજમેન્ટ સાથે અયોગ્ય વર્તન કરવાનું નથી.

ડી. ભવિષ્યમાં સ્કીમમાં પુરી પાડવામાં આવેલી અથવા તો ભવિષ્યની જરૂરી સામાન્ય સુવિધાઓ જેવી કે પાણીની સુવિધા, સફાઈની સુવિધા, સ્કીમમાં મુકેલી લાઈટની સુવિધા, બળતણ ખર્ચ, બિલ્ડીંગનું મેઈન્ટેનન્સ, જુદી-જુદી પાઈપોનું મેઈન્ટેનન્સ, કોમન લાઈટ કનેકશનનું મેઈન્ટેનન્સ, અંડર ગ્રાઉન્ડ - ઓવરહેડ ટાંકીનું મેઈન્ટેનન્સ,બોરનું મેઈન્ટેનન્સ, ઈલેકટ્રીક મોટરનું મેઈન્ટેનન્સ વિગેરે સારુ તમો વેચાણ લેનારે હવે પછી ઉચ્ચક જે રકમ નક્કી થાય તે વેચાણ આપનારને ચુકવી આપવાની છે અને વેચાણ આપનારે તે રકમ માંથી આવો ખર્ચ હાલમાં ટેમ્પરરી રીતે કરવાનો છે અને પછી બચેલી રકમ રચનાર સર્વિસ સોસાયટી / એસોસીએશન / સંસ્થામાં જમા કરાવવાની છે. ભવિષ્યમાં સર્વિસ સોસાયટી / એસોસીએશન/સંસ્થાને તેવી કે તે અંગેની વધારાની રકમ ચુકવવા તમો વેચાણ લેનાર બંધાયેલા છો. જો તમો વેચાણ લેનાર તેમાં કસુર કરશો તે સર્વિસ સોસાયટી / એસોસીએશન / સંસ્થા તમો વેચાણ લેનારને કોમન સુવિધાઓનો વપરાશ કરતા અટકાવી શકશે.

ઈ. દરેક શેડ હોલ્ડરે પોતાના તથા શેડના વિઝીટર્સને તેમના વાહનોનું પાર્કીંગ શિસ્તપુર્વક અને નિતી નિયમો અનુસાર પાર્ક કરવાના છે.

એફ. આજ પછી જો કોઈ કાયદાકીય ફેરફાર થાય અને તેના પરિણામે કોઈ વધુ વેરા, ટેક્ષ કે ફી અમદાવાદ મ્યુ.કોર્પોરેશન/ઔડામાં, લાગુ વિજ કંપની લીમીટેડમાં અથવા સરકારી કે અર્ધસરકારી કચેરીઓમાં ભરવાના થાય તો તે તમામ ખર્ચ તમામ શેડના ખરીદનારાએ વરાડે પડતા હિસ્સે ભોગવવાનો રહેશે. તેવી રકમ ચુકવવા વેચાણ લેનાર બંધાયેલા છે.

((૧૫)) :::::

(૧૧) સદરહુ મિલકતના અત્યાર સુધીના તમામ પ્રકારના વેરાઓ, સરકારી- અર્ધસરકારી જેવા કે ગર્વમેન્ટ ટેક્ષ, મ્યુનીસીપલ ટેક્ષ, પંચાયત વેરો, બેટરમેન્ટ ટેક્ષ, વિશેષધારો શિક્ષણવેરો તથા વહીવટી ખર્ચ વિગેરે આપનારે આજદીન સુધીના ભર્યા છે અને આમ છતાં જો તે બાકી નીકળે તો તે ભરપાઈ કરવાની જવાબદારી વેચાણ આપનારની છે. હવે પછીના (વેચાણ દસ્તાવેજની તારીખ પછીના સમયના) આવા તમામ પ્રકારના ટેક્ષ, વેરાઓ તથા વહીવટી ખર્ચ વિગેરે તમામ વેચાણ લેનારે ભરવાના છે.

(૧૨) સદરહુ સમગ્ર જમીનના ટાઈટલ્સ ચોખ્ખા અને માર્કેટેબલ અને કોઈપણ પ્રકારના બોજા વગરના હોવા અંગેનું ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટ મેળવેલ છે. જે વેચાણ લેનારે જોઈ તપાસી લીધેલ છે અને તેનાથી વેચાણ લેનારને સંતોષ છે. જે વેચાણ લેનારને બંધનકર્તા રહેશે.

(૧૩) હવેથી સદરહુ નીચે પરિશિષ્ટમાં વર્ણવેલી મિલ્કત વેચાણ આપનાર તથા તેમના વંશ, વાલી, વારસો, સકસેસરો, ઉત્તરાધિકારીઓ ઉત્યાદીના કબજા ભોગવટામાં આ વેચાણ દસ્તાવેજના આધારે કરી આપવામાં આવેલ છે. જેથી તેમાં હવે વેચાણ આપનાર તથા તેમના હાલના તથા વખતો વખતના ભાગીદારો તો મ જ વંશ, વાલી, વારસો, સકસેસરો, ઉત્તરાધિકારીઓ ઈત્યાદીનો કે કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો રહ્યા નથી. જેથી વેચાણ આપનાર કે તેમના વંશ, વાલી, વારસો ઈત્યાદી કોઈપણ રીતે વેચાણ રાખનારને હરકત કે અટકાયત કરીશું નહિં.

(૧૪) વધુમાં સદરહુ મિલ્કતના હક્કો ટાઈટલ્સ પુરવાર કરવા માટે કાયદેસર જે જે લેખો, કાગળો, વિગેરેની વખતો વખત વેચાણ રાખનાર તથા તેમના વંશ, વાલી, વારસો, સકસેસરો, ઉત્તરાધિકારીઓ ઈત્યાદીને જ્યારે જરૂર પડે ત્યારે તેવા લેખો, કાગળો વિગેરે વેચાણ આપનાર વેચાણ લેનારની વિનંતીથી મિલકત વેચાણ રાખનારના ખર્ચે યોગ્ય હશે તો કરી આપશે.

((૧૬)):::::::

(૧૫) *તમામ પક્ષકારો કબુલ રાખે છે કે આ શેડ અંગે જે કોઈ કરારો થયા છે / થવાના છે. તેનું તેઓએ પાલન કરવાનું છે.*

(૧૬) *અમો વેચાણ આપનારે તમો વેચાણ લેનારને આજરોજ સદરહુ મિલ્કત અંગેના દસ્તાવેજોની નકલ, પ્લાનની નકલ, એન.એ. ઓર્ડરની નકલ તેમજ અન્ય કાગળોની ઝેરોક્ષ નકલ, પહોંચો વિગેરે સોંપેલા છે.*

(૧૭) *સદરહુ વેચાણ વાળી મિલ્કત નિકોલ પોલીસ સ્ટેશનની હદમાં આવતી હોઈ તેમજ સરકારશ્રી તરફથી નક્કી કરવામાં આવેલ અશાંત વિસ્તારની યાદીમાં સમાવેશ થતો ન હોઈ અશાંત ધારા હેઠળ કોઈ પરવાનગી લાવવાની જરૂરિયાત રહેતી નથી.*

(૧૮) *સદરહુ વેચાણ આપેલ યુનિટનો તમો લખાવીલેનારે વીમો/ઈન્સ્યોરન્સ ફરજીયાત ઉતારવાનો રહેશે અને તે અંગેનું પ્રીમીયમ તથા તમામ ખર્ચ તમોએ એકલાએ કરવાનો રહેશે.*

(૧૯) *આ વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી, ટાઈપીંગ ખર્ચ, સર્વિસ ટેક્ષ તથા પરચુરણ ખર્ચ વિગેરે તમામ ખર્ચ તમો વેચાણ લેનારે ભોગવેલો છે તથા જો કોઈપણ વધારાની સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, સર્વિસ ટેક્ષ, વેલ્યુએડેડ ટેક્ષ વિગેરે હવે પછી પણ ભરવાના થાય તો તે માત્ર વેચાણ લેનારે ભરવાના અને ભોગવવાના છે.*

(૨૦) *સદરહુ મિલકત અંગે થયેલ આ વેચાણ દસ્તાવેજની તમામ શરતો તથા પ્રવર્તમાન રેરાના કાયદાની તમામ જોગવાઈઓનું લખી આપનાર તથા લખાવી લેનાર બંને તરફવાળાએ પાલન કરવાનું રહેશે અને તેવી સ્પષ્ટતા સાથે આ વેચાણ દસ્તાવેજ આપણે બંને તરફવાળાએ કરેલ છે.*

પરિશિષ્ટ

ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૧૨ (નિકોલ) તાલુકો : દસક્રોઈના મોજે ગામ : સીંગરવાની સીમના **સર્વે/બ્લોક નંબર : ૬૬૬** *ની*

((૧૭)):::::::

હે.આરે.ચો.મી. ૧-૦૩-૨૦ *(રી સરવે પહેલાના* **સર્વે/બ્લોક નંબર :** ૨૮૦ *ની હે.આરે.ચો.મી.*૧-૦૩-૨૦) *વાળી જમીન જેનો* **ટી.પી.સ્કીમ નંબરઃ ૧૩૧** *માં સમાવેશ થતા* **ફાયનલ પ્લોટ નંબરઃ ૯૯ પૈકી** *આપવામાં આવેલ છે જે મુજબની* **૬૧૯૨ ચો.મી.** *તથા* **સર્વે/બ્લોક નંબર : ૬૬૭** *ની હે.આરે.ચો.મી.* ૦-૪૪-૫૨ *(રી સરવે પહેલાના* **સર્વે/બ્લોક નંબરઃ ૨૮૧***ની હે.આરે.ચો.મી.* ૦-૪૪-૫૨) *પૈકીની હે.આરે.ચો.મી. ૦-૨૩-૩૮ વાળી જમીન જેનો* **ટી.પી. સ્કીમ નંબરઃ ૧૩૧** *માં સમાવેશ થતા* **ફાયનલ પ્લોટ નંબરઃ ૯૯ પૈકી** *આપવામાં આવેલ છે જે મુજબની* **૧૪૦૩ ચો.મી.** *તથા* **સર્વે/બ્લોક નંબર : ૬૬૪** *ની હે.આરે.ચો.મી.* ૦-૨૦-૨૩ *(રી સરવે પહેલાના* **સર્વે/બ્લોક નંબરઃ ૨૭૮***ની હે.આરે.ચો.મી.* ૦-૨૦-૨૩)*વાળી જમીન જેનો સમાવેશ* **ટી.પી.સ્કીમ નંબર : ૧૧૮,૧૩૧** *માં થતા આપવામાં આવેલ* **ફાઈનલ પ્લોટ નંબર : ૧૬૦, ૯૭** *ની* **૧૨૫૦ ચો.મી.** *વાળી બિનખેતીની જમીન પૈકીની* **ટી.પી. સ્કીમ નંબર : ૧૩૧** *ના* **ફાઈનલ પ્લોટ નંબર : ૯૭** *ની* **૨૫૦ ચો.મી.** *એમ* **ફાઈનલ પ્લોટ નંબર : ૯૯ પૈકી** *મુજબની* **કુલ ૭૫૯૫ ચો.મી.** *તથા* **ફાઈનલ પ્લોટ નંબર : ૯૭** *ની* **૨૫૦ ચો.મી.***એમ બંને ફાઈનલ પ્લોટોની કુલ મળી* **૭૮૪૫ ચો.મી.** *વાળી ઔદ્યોગીક હેતુ માટેની બિનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ* **"દર્શન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક"** *તરીકે ઓળખાતી સ્કીમમાં આવેલ* **શેડ નંબર : ......** *જેનું પ્લોટ ક્ષેત્રફળ* **........... સમ.ચો.મી. (કારપેટ એરીયા)** *તથા સદરહુ સ્કીમની ફાઈનલ પ્લોટ મુજબની કુલ સઘળી જમીન પૈકી બાંધકામ ના પ્રમાણમાં સદર વેચાણ આપેલ યુનીટના હિસ્સે આવતી વણ વહેંચાયેલ* **........ સમચોરસમીટર** *જમીન કે જેની કકડાવાર અલગથી વહેંચણી ક્યારેય ન થઈ શકે તેવી જમીનના ફક્ત વપરાશી હક્ક સહિતની સદરહુ મિલ્કત તથા તેમાં આવેલ* **..... સ.ચો.મી.** *ના શેડ ટાઈપના બાંધકામ સહિતની મિલકત , જેના ખુંટ ચારની વિગત નીચે મુજબ છે.*

((૧૮)) :::::

વેચાણ આપેલ શેડ વાળી મિલકતના ખુંટચારની વિગત :

પૂર્વે :-

પશ્ચિમે :-

ઉત્તરે :-

દક્ષિણે :-

એ રીતેનો આ વેચાણ દસ્તાવેજ અમો વેચાણ આપનારે તથા તમો વેચાણ લેનારે રાજીખુશીથી તથા અક્કલ હોંશીયારીથી વાંચી, સમજી, વિચારીને કોઈના કોઈપણ જાતના દાબદબાણ સિવાય કરેલ છે, જે તમામને તથા અમો વેચાણ આપનાર ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો, એસાઈનીઓ તેમજ તમો વેચાણ લેનારે તથા તમો વેચાણ લેનારના વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

આજ તારીખ માહે જુલાઈ સને ૨૦૧૭ ના દિને અમદાવાદ મુકામે.

વેચાણ આપનાર : **સાક્ષીની સહી**

લક્ષ્મી કોર્પોરેશન

એ નામની ભાગીદારી પેઢીવતી અને

તરફથી તેના વહીવટકર્તા અધીકૃત ભાગીદાર

____

____

____

શ્રી વિકેન નારણભાઈ પ્રજાપતિ